**અમદાવાદનાં મહે. નવમા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ. નવરંગપુરા કોર્ટ, જિ.અમદાવાદ (ગ્રામ્ય)**

**ફોજદારી કેસ નં.:<u>૧૩૭૪૦/૨૦૨૬</u>**
**<u>આંક :</u> _____**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :** **મુકેશભાઈ સોમાભાઈ પરમાર**

**ગુન્હો :– ઈ.પી.કો.કલમ–૨૮૩ /૨૭૯ મુજબ**
**બી.એન.એસ.કલમ–૨૨૩/૨૮૫/૨૮૧ મુજબ**

**//ઠ રા વ//**

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તારીખ:

ઈ.પી.કો.કલમ–૧૮૮/૨૮૩/૨૭૯,બી.એન.એસ.કલમ–૨૨૩/**૨૮૫**/૨૮૧ મુજબનો શિક્ષાનેપાત્ર એવો ગુન્હો કરેલ છે તેવા મતલબનું આ કામના તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસના અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ છે.

૨. આરોપી નામદાર અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયા બદલની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ ગુન્હા સંબંધી આરોપીનું નિવેદન આંક: થી નોધતાં તેઓએ સદરહું ગુન્હાની સ્વૈચ્છિક કબૂલાત કરેલ છે અને ગુન્હા સંબંધી કબૂલાત પુરસીસ રજુ કરેલ છે. જેમાં આરોપીએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, તેઓ કાયદાથી અજ્ઞાત છે તથા બાળબચ્ચાવાળા માણસ છે અને કુટુંબના ભરણપોષણનો આધાર તેઓના ઉપર છે તેમજ હવે પછી આવો ગુન્હો નહિ કરવાની ખાત્રી આપે છે આથી તેઓ નામદાર કોર્ટ સમક્ષ દયાની યાચના કરી ન્યાયના હિતમાં દયાળું હુકમ કરવા અરજ ગુજારેલ છે.

૩. આમ, આ કામના આરોપી સામેના ગુન્હાનું તહોમત જોતાં તેમજ ગુન્હા સબંધિત સંજોગો જોતાં આરોપી વિરુધ્ધ આ પ્રથમ ગુન્હો હોઈ આરોપીને જો સજા કરવામાં આવે તો તે રીઢા ગુન્હેગારોના સંપર્કમાં આવે અને તેના જીવન ઉપર વિપરીત અસર પડે તેમ આ અદાલત માને છે. વધુમાં આરોપી મધ્યમ વર્ગના માણસ છે અને તેમના ઉપર કુટુંબના ભરણપોષણનો આધાર છે તથા તેમનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાતું હોઈ આરોપીને મહત્તમ સજા નહિ કરતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

આ કામના આરોપીને કિ.પ્રો.કો.કલમ–૨૫૨/બી.એન.એસ.એસ. નીં કલમ–૨૭૫ મુજબ ઈ.પી.કો.કલમ ૧૮૮/૨૮૩/૨૭૯, બી.એન.એસ. કલમ–૨૨૩/**૨૮૫**/૨૮૧ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા દરેકને રુપિયા ૧૦૦૦/– (અંકે રૂપિયા એક પુરા) ના દંડનો હુકમ કરવામાં આવે છે જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં કસૂર કરે તો દિન:૧ ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કરેલ છે.

સ્થળ :નવરંગપુરા કોર્ટ
તારીખ : ૧૪ / ૦૩ / ૨૦૨૬

(સી.વી.ભટ્ટ)
નવમા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)
જી.જે૦૧૩૯૫